સંક્ષિપ્ત સમાચાર

કોસંબા પોલીસે દારૂની હેરાફેરી રોકવા વાહન ચેકિંગ શરૂ કર્યું

ઈબ્રાહીમ કાનુ

હથોડા: થર્ટી ફર્સ્ટ ટાંકણે દારૂની હેરાફેરી રોકવા માટે કોસંબા પોલીસે લાલ આંખ કરી પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં મોડી સાંજે વાહન ચેકિંગ ઝુંબેશ હાથ ધરી હતી. કાર, રિક્ષા તેમજ અન્ય વાહનોની સઘન તપાસ કરી હતી. કોસંબા પોલીસ સ્ટાફે વિસ્તારના મુખ્ય રોડ પર આવ-જા કરતાં નાનાં-મોટાં વાહનો રોકીને કરેલી ચકાસણી દરમિયાન કોઈપણ વાહનમાંથી દારૂ મળ્યો ન હતો. પોલીસ મથક હદ વિસ્તારના જૂના કોસંબા, તરસાડી, દાદરી સહિત કેટલાક વિસ્તારમાં તેમજ પાલોદ પોલીસ ચોકી હદ વિસ્તારમાં પીપોદરા, નવાપરા, ખાનસરી વગેરે વિસ્તારમાં દેશી દારૂનો વેપલો કરનારા સામે સંખ્યાબંધ દારૂના કેસો પણ કરવામાં આવી રહ્યા છે. થર્ટી ફર્સ્ટ ટાંકણે દારૂની હેરાફેરી રોકવા માટે કોસંબા પોલીસે લાલ આંખ કરતાં બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

વેલદા ટાંકી-કુકરમુંડા માર્ગ પર બે બાઇક સામસામે અથડાઈ

કુકરમુંડા: નિઝરના વેલદા ટાંકીથી કુકરમુંડા તરફ જતા માર્ગ પર ગતરોજ ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. કાવઠામાં આવેલા તાપી નદીના પુલ નજીક બે બાઇક સામસામે ધડાકાભેર અથડાતાં અકસ્માત થયો હતો. અકસ્માતમાં બંને બાઇક પર સવાર કુલ પાંચ યુવક તથા એક નાનકડા બાળકને ગંભીર ઇજા પહોંચી હતી. બાઇક ચાલકો સહિત પાછળ બેસેલા યુવકોને માથા, હાથ-પગ સહિત શરીરના વિવિધ ભાગોમાં ગંભીર ઇજા થઈ હતી. આથી સ્થાનિક લોકો દોડી આવી તાત્કાલિક મદદરૂપ બન્યા હતા. ઘટનાની જાણ થતાં જ 108 ઇમરજન્સી સેવા બોલાવવામાં આવી હતી. તમામ ઇજાગ્રસ્તોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જો કે, એક બાઇક સવાર નિઝરના ખેરવા ગામનો, તો બીજો બાઇક સવાર વડલી ગામનો હોવાની માહિતી મળી હતી.

ઓલપાડના સિવાણમાં ખેંચ આવ્યા બાદ પડી ગયેલા અજાણ્યા યુવકનું મોત

સાયણ: વિતેલા ગુરુવારે ઓલપાડના સિવાણ ગ્રા.પં.કચેરીના પારા ઉપર બેઠેલા આશરે 30 થી 35 વર્ષની ઉંમરના એક અજાણ્યા પુરૂષને ખેંચ આવી હતી. ઈજાગ્રસ્ત હાલતમાં અજાણ્યાને સાયણ ખાતેના સી.એચ.સી.માં પ્રાથમિક સારવાર અપાયા બાદ વધુ સારવાર માટે સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જ્યાં ગુરુવારે સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી યુવકની ઓળખની તપાસ હાથ ધરી છે.

બારડોલીમાં રોહિત કેળવણી મંડળ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન

બારડોલી: શ્રી સુરત વલસાડ જિલ્લા રોહિત કેળવણીમંડળ, બારડોલી દ્વારા તાજેતરમાં તેજસ્વી તારલા સન્માન અને વિશિષ્ટ પ્રતિભા સન્માન સમારંભનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને માજી સમાજ કલ્યાણ મંત્રી આત્મારામ એમ. પરમાર અને ઉદઘાટક તરીકે બારડોલીના ડેપ્યુટી કલેક્ટર જીજ્ઞા પરમાર ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી આવેલા ૧૦૦થી વધુ તેજસ્વી વિદ્યાર્થીઓ અને ડોક્ટરો, અધિકારીઓ તથા ઉદ્યોગપતિઓ સહિત કુલ ૧૯૦ વિશિષ્ટ પ્રતિભાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. સાથે જ, વિદેશથી પધારેલા દાતાઓ અને ૬૫ વર્ષથી સંસ્થા સાથે જોડાયેલા સિનિયર ટ્રસ્ટી છગનભાઈ ડી. ચૌહાણને 'લાઈફટાઈમ અચીવમેંટ અવોર્ડ' એનાયત કરાયો હતો. આત્મારામ પરમારે સોલાર સિસ્ટમ, ભરતભાઈ અને વિપુલભાઈ બથવારે ૧,૫૧,૦૦૦ તથા હર્ષદભાઈ ચૌહાણે ૧,૧૧,૦૦૦નું દાન જાહેર કર્યું હતું. સંસ્થાના પ્રમુખ રાજેન્દ્રભાઈ સોલંકીએ શૈક્ષણિક કાર્યોની વિગત આપી હતી અને અંતમાં ઉપપ્રમુખ હિરેન રોહિતે આભાર વિધિ સંપન્ન કરી હતી.

વહેવલ-ઉનાઈ બે બાઇક અથડાતાં એકનું મોત, એક ઘાયલ

મેહુલ પટેલ

અનાવલ: ડોલવણના શિવપ્રસાદ ફળિયામાં રહેતા જૈનેશકુમાર અશોકભાઇ નાયકા ચામાહા કંપનીની MT બાઇક લઈ ઉનાઈ ગામ તરફથી વહેવલ તરફ પૂરઝડપે આવી રહ્યો હતો. આ દરમિયાન નિશાળ ફળિયા પાસે સામેથી આવી રહેલી રાજુભાઇ ગોવિંદભાઇ પટેલ (ઉ.વ.૪૪) ની હીરો પેશન બાઇક નં.(GJ-19-AQ-9110) સાથે જોરદાર અથડામણ થઈ હતી. અકસ્માતમાં બાઇક પર સવાર હિનાબેનને મોં તથા કપાળ ઉપર ઈજા પહોંચી હતી. જ્યારે રાજુભાઇ ગોવિંદભાઇ પટેલનું ગંભીર ઈજાથી મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે પોલીસે ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

ભરૂચના નર્મદા પાર્ક ખાતે યોજાનારી થર્ટી ફર્સ્ટ ઈવેન્ટની પરવાનગી રદ

ભરૂચ: ભરૂચના ઝાડેશ્વર ખાતેના નર્મદા પાર્ક ખાતે યોજાનાર થર્ટી ફર્સ્ટની ઈવેન્ટની મંજૂરી તંત્ર દ્વારા રદ કરવામાં આવતાં આયોજકો અને બુકિંગ ધારકો ચિંતામાં મુકાયા હતા. ભરૂચના ઝાડેશ્વર વિસ્તારમાં નર્મદા નદી કિનારે આવેલ નર્મદા પાર્ક ખાતે 31મી ડિસેમ્બરની ઉજવણી માટે જિલ્લા પંચાયત સંચાલિત પાર્ક ભાડે આપવા બાબતે આર.ટી.આઈ. એક્ટિવિસ્ટોએ વહીવટી તંત્ર સમક્ષ લેખિત રજૂઆત કરી હતી. રજૂઆતમાં જણાવાયું હતું કે, નર્મદા પાર્કની આજુબાજુ અનેક ધાર્મિક સ્થળો આવેલાં છે અને અહીં મોટી સંખ્યામાં ઈવેન્ટનું આયોજન કરવામાં આવે તો શાંતિભંગ તેમજ ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચવાની શક્યતા છે. વધુમાં જણાવ્યું હતું કે જો આ પ્રકારની ખાનગી ઈવેન્ટોને નર્મદા પાર્કમાં પરવાનગી આપવામાં આવશે તો ભવિષ્યમાં નર્મદા પાર્કનો ઉપયોગ સતત ખાનગી કાર્યક્રમો માટે થવા લાગશે. નાગરિકો માટે ફરવા લાયક સ્થળ તરીકે બગીચાનો ઉપયોગ બંધ થઈ જશે. આ તમામ મુદ્દાઓને ધ્યાનમાં રાખી આવા ઈવેન્ટને પરમિશન ન આપવા અંગે તંત્રને અપીલ કરવામાં આવી હતી.

કીમમાં સિમેન્ટ ભરેલી ટ્રક પસાર થતાં નવનિર્મિત બોક્સ ગટર ધસી

દિનેશ ઢોડિયા

ગામનાં પ્રવેશદ્વારો પર માર્ગ નિર્માણની કામગીરીના કારણે લોકો બાનમાં મુકાયા

કીમ: ઓલપાડ તાલુકાના કીમ ગામમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા ગામના તમામ મુખ્ય પ્રવેશદ્વારો અને આંતરિક માર્ગો પર એકસાથે કામગીરી શરૂ કરી દેવાતાં સમગ્ર ગામ બાનમાં મુકાયું હોય તેવી પરિસ્થિતિ નિર્માણ પામી છે. આ દરમિયાન સોમવારે ગણેશ નગર વહેલી સવારે નવનિર્મિત બોક્સ ગટર પરથી સિમેન્ટ ભરેલી ભારે ટ્રક નં.(RJ.52. GB.0979) પસાર થતા જ ગટર ધરાશાયી થઈ ગઈ હતી અને ટ્રક તેમાં ફસાઈ ગઈ હતી. આ ઘટનાથી સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોનું કહેવું છે કે, ગટર બનતા જેટલો સમય લાગ્યો, તૂટતા એથીય ઓછો સમય લાગ્યો છે. આ ઘટનાએ કામની ગુણવત્તા અને તંત્રના સુપરવિઝન પર મોટા સવાલો ઊભા કર્યા છે. નવી બનેલી ગટર પર ભારે વાહનોના પ્રવેશને રોકવા માટે કોઈ આયોજન નહોતું, જેને કારણે આ દુર્ઘટના સર્જાઈ છે.

એકતરફ કીમ મુખ્ય બજારમાં ખોદકામ ચાલી રહ્યું છે, તો બીજી તરફ ગણેશ નગર તરફનો શોર્ટકટ માર્ગ પણ કામગીરીને કારણે બંધ છે. ગામમાં પ્રવેશવાના તમામ રસ્તાઓ એકસાથે બંધ કરી દેવાતા વાહનચાલકો અને વેપારીઓ લાચાર બન્યા છે. કીમ બ્રિજ પાસેનો સર્વિસ રોડ પણ ટ્રાફિકથી ખીચોખીચ ભરેલો રહે છે, જેના કારણે નોકરીયાત વર્ગ અને વિદ્યાર્થીઓ કલાકો સુધી ટ્રાફિકમાં ફસાયેલા રહે છે.

લોકોમાં એવી પણ ચર્ચા છે કે અગાઉ ગ્રામજનોએ રોડના કામ બાબતે તંત્રને પ્રશ્નો પૂછ્યા હતા, જેના 'બદલા' સ્વરૂપે માર્ગ મકાન વિભાગે આયોજન વગર એકસાથે તમામ રસ્તાઓ ખોદી નાંખ્યા છે. ડાયવર્ઝન કે વૈકલ્પિક માર્ગની કોઈ વ્યવસ્થા વિના શરૂ કરાયેલી આ કામગીરીથી કીમ જાણે 'બાંધકામની બંધી'માં કેદ થઈ ગયું છે.

બારડોલીમાં બીજું સત્ર પૂર્ણ થયા બાદ પણ પાઠ્યપુસ્તકો મળ્યાં નથી!

જિલ્લાભરમાં પાઠ્યપુસ્તકો નહીં મળ્યા હોવાની રાવ, બાળકોના શિક્ષણને ગંભીર અસર

બારડોલી: બારડોલી તાલુકામાં બીજું સત્ર શરૂ થયાને બે મહિના વીતી ગયા, પણ બાળવાટિકા અને ધોરણ 1-2નાં ભૂલકાંને હજુ પણ પાઠ્યપુસ્તક મળ્યાં નથી. ઉપરથી જ પાઠ્યપુસ્તક ન આવ્યાં હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

બારડોલી સહિત જિલ્લાભરમાં પાઠ્યપુસ્તકો નહીં મળ્યા હોવાની રાવ છે. જેને કારણે બાળકોનું ભણવાનું બગડી રહ્યું છે. એક તરફ શિક્ષકોને ભણાવવા સિવાયની અનેક પ્રવૃત્તિ સોંપી દેવામાં આવે છે અને બીજી તરફ ભણવા માટે જરૂરી પાઠ્યપુસ્તકો પણ સમયસર પૂરા પાડવામાં આવતાં નથી. પુસ્તકો નથી એટલે શિક્ષકો પણ આકૃતિઓ દોરી-દોરીને સમજાવે છે કે, 'બેટા, આને સફરજન કહેવાય!' હવે સવાલ એ છે કે શું માત્ર ચોક અને બોર્ડથી પાયાનું શિક્ષણ મજબૂત થશે? વાલીઓ પણ હવે લાલઘૂમ છે. તેમનું કહેવું છે કે જો અત્યારે મૂળાક્ષરો અને અંકોનું જ્ઞાન કાચું રહી ગયું, તો આગળ જતાં છોકરાઓનું શું થશે? પરીક્ષા સમયે બાળકો પર ભાર વધશે એ તો નક્કી જ છે. પાઠ્યપુસ્તક ન હોવાને કારણે બાળકોએ કઈ રીતે ભણવું અને શિક્ષકોએ કઈ રીતે ભણાવવું તેની મૂંઝવણમાં મુકાયા છે. બીજી તરફ બારડોલી તાલુકા શિક્ષણ અધિકારી ભાવેશભાઈએ જણાવ્યું હતું કે, આજે જ પુસ્તકો આવ્યાં છે. આવતીકાલે જે-તે વિસ્તારના સીઆરસી મારફતે શાળાઓમાં પાઠ્યપુસ્તકોની વિતરણ કરી દેવામાં આવશે.

અરેઠ ગ્રામ પંચાયતમાં મહિલા સરપંચ સામે અવિશ્વાસ પ્રસ્તાવ

8 સભ્યની બહુમતીથી દરખાસ્ત પસાર, સરપંચ ગેરહાજર

હિતેશ પટેલ

માંડવી: માંડવી તાલુકાની અરેઠ ગ્રામ પંચાયતમાં મહિલા સરપંચ હીનાબેન સોલંકી વિરુદ્ધ મૂકવામાં આવેલો અવિશ્વાસનો પ્રસ્તાવ પસાર થઈ ગયો છે. ડેપ્યુટી સરપંચ સહિત આઠ સભ્યોએ આ પ્રસ્તાવને બહુમતીથી મંજૂરી આપી હતી. આ કાર્યવાહી દરમિયાન સરપંચ અને અન્ય બે સભ્યો ગેરહાજર રહ્યા હતા.

આ અવિશ્વાસ પ્રસ્તાવ 29 નવેમ્બરના રોજ ડેપ્યુટી સરપંચ અને પંચાયતના સભ્યો દ્વારા મૂકવામાં આવ્યો હતો. સભ્યોએ આરોપ લગાવ્યો હતો કે ગ્રામ પંચાયતનો વહીવટ યોગ્ય રીતે થતો નથી અને સરપંચના પતિનો વહીવટમાં વધુ હસ્તક્ષેપ રહે છે. વધુમાં, સરપંચ મનસ્વી રીતે અને નીતિ-નિયમોની અવગણના કરીને નિર્ણયો લેતા હોવાનો પણ આક્ષેપ કરાયો હતો.

પ્રસ્તાવમાં એવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે, ગામનાં વિકાસકાર્યો અંગે પંચાયતના અન્ય સભ્યોને વિશ્વાસમાં લેવામાં આવતાં નથી. સ્વભંડોળનાં નાણાં અને પંચાયતી મિલકતના દુરુપયોગના આક્ષેપો પણ પ્રસ્તાવમાં સામેલ હતા, જેના કારણે અરેઠ ગામનું રાજકીય વાતાવરણ ગરમાયું હતું. આજે સોમવારે (29 ડિસેમ્બર) ગ્રામ પંચાયત ખાતે તાલુકા પંચાયતના પ્રતિનિધિ સંજયભાઈ ચૌધરી અને તલાટી ક્રમ મંત્રી ધર્મેશભાઈ નાયિયાની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ હતી, જેમાં ડેપ્યુટી સરપંચ સત્યેન આર.ચૌધરી સહિત સાત સભ્યોની બહુમતી મળતા અવિશ્વાસની દરખાસ્ત પાસ થઈ હતી. આ પ્રસ્તાવ પસાર થતા અરેઠ પંચાયતના તમામ સભ્યોએ ફૂલહારના તોરણથી વધામણા કર્યા હતા. રાજકીય આગેવાનો અને ગ્રામજનોએ અભિનંદન પાઠવ્યાં હતાં. ટૂંક સમયમાં ડેપ્યુટી સરપંચ સત્યેન રાકેશભાઈ ચૌધરી સરપંચ પદનો ચાર્જ સંભાળશે તેવી અપેક્ષા છે.

સોનગઢમાં ઈલેક્ટ્રિક દુકાનમાં આગ લાગતાં લાખોનું નુકસાન

સોનગઢ નગરપાલિકાની ફાયરની ટીમે ગણતરીની મિનિટ્સમાં જ આગને કાબૂમાં લીધી

સોનગઢ: સોનગઢ ખાતે નવાગામ મરી માતા રોડ પર આવેલા રાધાકૃષ્ણ કોમ્પ્લેક્સની દુકાન નં.3માં રવિવારે વહેલી સવારે આગ લાગી હતી. છેલ્લા આઠ મહિનાથી વિજયભાઈ જાદવ દ્વારા ભાડે ચલાવવામાં આવતી ઈલેક્ટ્રિક દુકાનમાં શોર્ટ સર્કિટના કારણે સવારે ચાર વાગ્યાના અરસામાં અચાનક આગ ભભૂકી ઊઠી હતી. આગ લાગતા આજુબાજુના વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી અને સ્થાનિકોએ આગ બુઝાવવાનો પ્રયાસ કર્યો હતો. દુકાન માલિકને જાણ થતાં તેઓ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યા હતા. આગ વધુ ફેલાતી જોતાં સોનગઢ નગરપાલિકાની ફાયર ટીમને જાણ કરવામાં આવી હતી. ફાયર ટીમે ઘટના સ્થળે પહોંચી પાણીનો છંટકાવ કરી ગણતરીની મિનિટોમાં આગ પર કાબૂ મેળવી લીધો હતો, જેના કારણે મોટી જાનહાની ટળી હતી. જો કે, દુકાનમાં રહેલી ઈલેક્ટ્રિક સામગ્રી બળી જવાથી લાખો રૂપિયાનું નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે.

છીત્રામાં ચેકડેમ તોડવાના વિવાદમાં પ્રાંત અધિકારીને આવેદન

બારડોલી: છીત્રા ગામે પૂર્ણા નદી પરના ચેકડેમને નુકસાન પહોંચાડવાનો મામલો હવે ગરમાયો છે. સેવાસણ-વચ્છરવાડ બ્રિજ બનાવતી એજન્સી દ્વારા પાયાની કામગીરી માટે પાણી ઓછું કરવાના બહાને ચેકડેમમાં ગાબડું પાડવાનો પ્રયાસ કરાતાં ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. શનિવારે થયેલા ઉગ્ર વિરોધ બાદ સોમવારે છીત્રા અને કુરેલ ગામના આગેવાનો તથા ખેડૂતોએ બારડોલી પ્રાંત અધિકારીને લેખિત આવેદનપત્ર સુપરત કરી કડક કાર્યવાહીની માંગ કરી છે.

માર્ગ અને મકાન વિભાગની કથિત મૌખિક સૂચનાથી કોન્ટ્રાક્ટર એજન્સીએ કોઈપણ લેખિત મંજૂરી વિના ડ્રીલ મશીન વડે ચેકડેમ તોડવાનું શરૂ કર્યું હતું. આ ચેકડેમ ખેતી માટે જીવાદોરીસમાન છે અને દરિયાના ખારા પાણીને રોકવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ગ્રામજનોના વિરોધ સામે નમતું જોખી એજન્સીએ હાલ કામગીરી સંકેલી લીધી છે અને સાધન-સામગ્રી ખસેડી લીધી છે. આવેદનપત્રમાં એક પ્રોજેક્ટ માટે બીજા સરકારી પ્રોજેક્ટને નુકસાન કરનારા જવાબદારો સામે પગલાં લેવા, ભવિષ્યમાં ચેકડેમની મજબૂતી જોખમાય તેવી કોઈપણ કામગીરી ન કરવી, લેખિત પરવાનગી વગર તોડફોડ કરનાર એજન્સી સામે કાયદેસરની તપાસ કરવી જેવી માંગણી કરવામાં આવી છે. સ્થાનિક આગેવાન હેમંતસિંહ બારડ દ્વારા નવસારી ગ્રામ્ય પોલીસ મથકે પણ આ અંગે ફરિયાદ નોંધાવાઈ છે. ગ્રામજનોનું કહેવું છે કે અગાઉ એક્સપ્રેસ-વે વખતે પણ આવો પ્રયાસ થયો હતો, પરંતુ ગ્રામીણ એકતાને કારણે ડિઝાઈન બદલવી પડી હતી.

માંડવીના નવા રતનીયામાં NDRF માટે જમીન ફાળવણીનો વિરોધ

ગ્રામજનોએ પ્રાંત કચેરીમાં આવેદનપત્ર પાઠવ્યું

હિતેશ પટેલ

માંડવી: નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF)ના હેડક્વાર્ટર સેન્ટર માટે જમીન ફાળવણીનો ગ્રામજનો દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે. ગ્રામજનોએ આ મુદ્દે માંડવી પ્રાંત કચેરી ખાતે નાયબ કલેક્ટરને આવેદનપત્ર પાઠવી વિરોધ નોંધાવ્યો હતો.

ગ્રામજનોના જણાવ્યા અનુસાર 26 ઓગસ્ટ, 2025ના રોજ મામલતદાર, માંડવીની હાજરીમાં એક વિશેષ ગ્રામસભા યોજાઈ હતી. આ સભામાં સર્વાનુમતે NDRF માટે જમીન ફાળવવામાં નહીં આવે તેવો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. તેમ છતાં તંત્ર દ્વારા આ ઠરાવની અવગણના કરવામાં આવી હોવાનો ગ્રામજનોનો આક્ષેપ છે. આ પછી 10 નવેમ્બર, 2025ના રોજ NDRFના ઉપયોગ માટે જમીન માપણીનો આદેશ થતાં ગામમાં અસંતોષ વધુ ઘેરો બન્યો હતો. આના પગલે ગ્રામજનોએ એકજૂટ થઈ માંડવી પ્રાંત કચેરીમાં આવેદનપત્ર સુપરત કર્યું હતું.

ગ્રામજનોએ આવેદનપત્રમાં જણાવ્યું છે કે, નવા રતનીયા ગામ ભારતના સંવિધાનની અનુસૂચિત પાંચ હેઠળનો વિસ્તાર છે. પેસા એક્ટ (PESA Act)ની જોગવાઈઓ મુજબ આવા અનુસૂચિત વિસ્તારમાં જમીન ફાળવણી કરતા પહેલાં ગ્રામસભાની ભલામણ અને પરવાનગી ફરજિયાત છે. ગ્રામસભાની સંમતિ વિના જમીન ફાળવણી કાયદેસર નથી તેવી દલીલ ગ્રામજનોએ કરી છે.

કરચકામાં ખેંચ આવ્યા બાદ યુવકનું મોત

બારડોલી: કરચકાના દશગાળા ફળિયામાં રહેતા સંજયભાઈ હળપતિ (ઉ.વ.૩૫) શનિવારે રાત્રે ઓટલા પર બેઠા હતા. દરમિયાન અચાનક ખેંચ આવતાં બેભાન થઈ ગયા હતા. પરિવારજનો દ્વારા તેમને તાત્કાલિક બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

Milano MULTIPLEX
બારડોલી
Tu Meri Main Tera Main Tera Tu Meri
10:00am, 03:00pm, 10:00pm
Vande BHARAT Via USA-Gujarati - 06:30pm
Avatar: Fire And Ash
11:00am, 09:30pm
Dhurandhar
12:00pm, 02:00pm, 04:00pm, 06:00pm, 09:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૪૨૫/૨૦૨૫
તા.૧૯/૧૧/૨૦૨૫

વાદી :- શૈલાબેન તે ચોંગાભાઇ ચૌધરીની દિકરી, રહે.કરવલી, તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૬૩.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી કલવલી ગ્રામ પંચાયત, તા.અરેઠ, જી.સુરત

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત,

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી શૈલાબેન તે ચોંગાભાઇ ચૌધરીની દિકરી, રહે.કરવલી, તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૬૩એ તેઓના ભાઈ અનિલભાઇ ચોંગાભાઇ ચૌધરીનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: અનિલભાઇ ચોંગાભાઇ ચૌધરી ૨. જન્મ તારીખ: ૦૫/૦૩/૧૯૮૧ ૩. જન્મનું સ્થળ: મોજે.કરવલી, તા.અરેઠ, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે અનિલભાઇ ચોંગાભાઇ ચૌધરીના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૨૯/૧૨/૨૦૨૫ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૯/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૨૭૪/૨૦૨૫
તા.૨૨/૧૨/૨૦૨૫

વાદી :- વર્ષાબેન ઉમેશભાઇ પરમાર, રહે.મંદિર ફળિયું, મુ.પો.ખરચ, જી.ભરૂચ-૩૯૪૧૧૦

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી વેલાછા ગ્રામ પંચાયત, તા.માંગરોળ, જી.સુરત

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી વર્ષાબેન ઉમેશભાઇ પરમાર, રહે.મંદિર ફળિયું, મુ.પો.ખરચ, જી.ભરૂચ-૩૯૪૧૧૦એ તેઓના પિતા ઉમેશભાઇ શામજીભાઇ અઠવાણાનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: ઉમેશભાઇ શામજીભાઇ અઠવાણા ૨. મરણ તારીખ: 01/05/2010 ૩. મરણનું સ્થળ: મોજે.વેલાછા, તા.માંગરોળ, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે ઉમેશભાઇ શામજીભાઇ અઠવાણાના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૨૨/૦૧/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૨/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત